**ખાનગી ક્ષેત્રમાંથી તબીબી અધિકારી વર્ગ-૨ ને આકર્ષવા માટે ખાનગી પ્રેકટીશની છૂટ સાથે/ખાનગી પ્રેકટીશ વિના પૂર્ણ કાલીન કરારીય ૧૧(અગીયાર) માસની નિમણૂંક આપવા બાબત.**

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃજીએચએસ/૧૦૨૦૨૦/૭૦૧/ત
સચિવાલય, ગાંધીનગર
તા.        /૨૦૨૦

01 APR 2020

**આમુખ:-**

રાજયમાં ગુજરાત આરોગ્ય સેવા હસ્તકના પ્રા.આ.કે/સા.આ.કે/જીલ્લા ક્ષય કેન્દ્રો,/રકતપિત કેન્દ્રો/સરકારી હોસ્પિટલો વગેરે ખાતે તબીબી અધિકારી વર્ગ-૨ના ડોકટરોની અછત પ્રવર્તી રહેલ છે જેના કારણે આરોગ્ય સેવાઓ પર વિપરીત અસર પડે છે. તબીબી અધિકારી વર્ગ-૨ ના ડોકટરોની અછત/ઘટ ના કારણે પ્રા.આ.કે/સા.આ.કે/જીલ્લા ક્ષય કેન્દ્રો/રકતપિત કેન્દ્રો/સરકા હોસ્પિટલો વગેરે ખાતેના સુચારૂ સંચાલન તેમજ વહીવટમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આથી તબીબી અધિકારી વર્ગ-૨ના ડોકટરોના વિવિધ સંવર્ગોની ખાલી જગ્યાઓ નિયમિત ધોરણે ન ભરાય ત્યાં સુધી આ સંવર્ગો માટે હાલ એડહોક નિમણૂંકથી તેમજ કરારીય નિમણૂંકથી આ જગ્યાઓ ભરવામાં આવે છે.

હાલ રાજ્યની સરકારી હોસ્પિટલો, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલો અને CHC / PHC ખાતે તબીબી અધિકારી વર્ગ-૨ની ખાલી રહેતી જગ્યાઓ ભરવા માટે કરારીય નિમણૂંક આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના પ્રા.આ.કે/સા.આ.કે/જીલ્લા ક્ષય કેન્દ્રો/રકતપિત કેન્દ્રો/સરકારી હોસ્પિટલો વગેરે ખાતે તબીબી અધિકારી વર્ગ-૨ના ડોકટરોને ખાલી જગ્યાઓ પર પૂર્ણકાલીન ૧૧(અગિયાર) માસના કરારીય ધોરણે ખાનગી પ્રેકટીસની છૂટ સાથે રૂા.૫૫,૦૦૦/-( પંચાવન હજાર ફિકસ વેતન) તથા ખાનગી પ્રેકટીશની છૂટ વિના તબીબી અધિકારી વર્ગ-૨ને માસિક રૂ.૬૦,૦૦૦/-(સાહીઠ હજાર ફિકસ વેતન) એકત્રિત માસિક વેતનથી નિમણૂક આપવા નીચેની શરતોને આધીન ઠરાવવામાં આવે છે.

શરતો:-

(૧) આ યોજના વય નિવૃતિથી અથવા સ્વૈચ્છિક નિવૃતિથી નિવૃત થયેલા અથવા રાજીનામુ આપી છૂટા થયા હોય અથવા તબીબી અધિકારી વર્ગ-૨ના ભરતી નિયમો મુજબ જરૂરી લાયકાત ધરાવતા અને જેઓ હાલ ખાનગી પ્રેકટીસ કરતા હોય તેવા તબીબી અધિકારી વર્ગ-૨ને લાગુ પડશે. અને આવી નિમણૂંકો તબીબોની ઉંમર ૬૫(પાંસઠ) વર્ષની થાય ત્યાં સુધી આપી શકાશે. તથા ભરતી નિયમોમાં ઠરાવવામાં આવેલ ઉપલી વયમર્યાદાની જોગવાઈઓ લાગુ પડશે નહિ.

(૨) આ યોજના હેઠળ ખાલી જગ્યાઓ ભરવા માટે સમાચારપત્રોમાં બહોળી પ્રસિધ્ધિથી જાહેરખબર આપી નિયમિતપણે અઠવાડિક વોક-ઈન(Walk In) ઈન્ટરવ્યું દ્વારા કરવામાં આવશે તેમજ નિમણૂક આપવાની રહેશે.

(૩) આ યોજના હેઠળ ઉમેદવાર હુકમ મળ્યાની તારીખ થી ૦૭(સાત) દિવસમાં ફરજ ઉપર હાજર થવાનું રહેશે. હાજર રીપોર્ટ સંબંધિત વિભાગીય નાયબ નિયામકશ્રી/મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સમક્ષ રજુ કરવાનો રહેશે. સમય મર્યાદામાં ફરજ પર હાજર થશે નહિ તો નિમણૂંકનો હુકમ આપોઆપ રદ થયેલ ગણાશે. આ યોજના હેઠળની નિમણૂકો કોઈ પ્રકારની અગાઉની નોટીસ તેમજ કોઇ પણ પ્રકારના કારણ આપ્યા વગર છુટા કરી શકાશે.

(૪) તેઓની આ યોજના હેઠળની નિમણૂક તદ્દન હંગામી અને ૧૧ માસ અથવા નિયમિત નિમણૂકથી ઉમેદવાર ઉપલબ્ધ થાય તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીની રહેશે. ૧૧ માસની સેવાઓ પૂર્ણ થયા બાદ જરૂરિયાત જણાય તો ૦૩(ત્રણ) દિવસનો બ્રેક આપ્યા બાદ તેઓની સેવાઓની ગુણવત્તાને ધ્યાને લઈ જો તેઓ પુન: નિમણૂંક મેળવવા ઈચ્છતા હોય તો નવી ફ્રેશ બીજી મુદતની નિમણૂક આપી શકાશે.

(૫) નિયમિત નોકરી દરમ્યાન જે તબીબ સામે ખાતાકીય તપાસના ગંભીર આક્ષેપો સાબિત થયા હોય અથવા અન્ય કારણોસર બરતરફ કરવામાં આવેલ હોય અથવા ફરજીયાત નિવૃત કરવામાં આવેલ હોય તેવા તબીબને કરારીય નિમણૂક આપી શકાશે નહીં.

(૬) નિમણૂંક પામેલ ઉમેદવાર હાજર થવાના દિવસે સંબંધિત કચેરીના વડાને નિયત કરેલા પત્રકમાં પ્રજાસત્તાક ભારતના સંવિધાનને વફાદાર રહેવાનું સોગંદનામું આપવાનું રહેશે તેમજ શૈક્ષણિક લાયકાત/રજીસ્ટ્રેશન, જન્મતારીખનો દાખલો તથા સંબંધિત તમામ અસલ પ્રમાણપત્રો ચકાસણી માટે રજુ કરવાના રહેશે.

(૭) આ યોજના હેઠળની નિમણૂંક તદ્દન હંગામી અને કામચલાઉ છે અને ગમે ત્યારે વગર નોટીસે છુટા થવા પાત્ર છે. નિમણૂંક મેળવનાર ઉમેદવારે નોકરીમાંથી રાજીનામું આપવું હોય તો એક (૧) માસની નોટીસ અથવા ૧ (એક) માસનુ વેતન ભરી છુટા થવાનું રહેશે. ઉમેદવારે નિમણૂંક વખતે ભવિષ્યમાં રાજીનામું આપે તો નિયમોનુસાર નોટીસ પગાર ભરી આપશે તેવી બાંહેધરી પત્રક હાજર થતી વખતે આપવાનું રહેશે.

(૮) ઉમેદવારની જે સ્થળે નિમણૂંક કરવામાં આવેલ છે ત્યાં જ સ્થાયી રીતે રહેવાનું રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહિ.

(૯) આ યોજના હેઠળ નિમણૂક પામેલ તબીબી અધિકારી વર્ગ-૨ એ નિમણૂક બદલ નિયત વેતન પર કોઈ પણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહિ. નિયમિત નિમણૂક મેળવેલ સરકારી તબીબોને મળતાં નાણાકીય તેમજ સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહિ.

(૧૦) આ યોજના હેઠળ નિમણૂક પામેલ તબીબી અધિકારી વર્ગ-૨એ સરકારી કામે પ્રવાસમાં જવાનુ થાય તો સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ મુસાફરી ભથ્થુ તથા દૈનિકભથ્થુ તેમના હોદ્દા અને ફરજના ધોરણોને અનુરુપ મળવાપાત્ર રહેશે.

(૧૧) આ યોજના હેઠળ નિમણૂક પામેલ બીબી અધિકારી વર્ગ-૨ને વર્ષ દરમિયાન હોસ્પિટલ જાહેર રજા તથા ૧૧ (અગિયાર) પરચૂરણ રજાઓ સિવાય અન્ય કોઈ રજાઓ મળવાપાત્ર થશે નહિ.

(૧૨) આ યોજના હેઠળ નિમણૂક પામેલ તબીબી અધિકારી વર્ગ-૨ પાસેથી કોડ ઓફ મેડીકલ એથીકસની જોગવાઈઓ મુજબની વર્તણૂકની અપેક્ષા રાખવામાં આવે છે. આ નિમણૂંક મેળવનાર ઉમેદવાર સેવા સમય દરમ્યાન હાજરીમાં અનિયમિત જણાય, અનઅધિકૃત રીતે ફરજ પર ગેરહાજર રહે અથવા તેમની એકંદરે વર્તણુંક શિસ્ત વિરૂદ્ધ જણાય અથવા ફરજ પ્રત્યે નિષ્કાળજી દર્શાવતા હોવાનું ધ્યાન પર આવશે તો કોઇ પણ પ્રકારની નોટીસ આપ્યા વગર એક તરફી રીતે નિમણૂંક આપનાર અધિકારી દ્વારા તેઓની સેવાનો તાત્કાલિક અસરથી અંત લાવવામાં આવશે.

(૧૩) આ યોજના હેઠળ નિમણૂક પામેલ તબીબી અધિકારી વર્ગ-૨એ તેમના ખાનગી વ્યવસાયના સ્થળ,સમય અને સંપર્કની વિગતો સબંધિત કચેરીના અધિકારીશ્રી,ચીફ પર્સોનલ ઓફીસરશ્રી/ કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ (આ.વિ.)ને આપવાની રહેશે.

(૧૪) આ યોજના હેઠળ ઉમેદવારે મેળવેલ નિમણૂંકને અન્ય કોઈ સેવા વિષયક હેતુ માટે માન્ય ગણવામાં આવશે નહિ.

(૧૫) ઉમેદવાર નિમણૂંકની જગ્યાનો હવાલો સંભાળ્યાની તારીખથી એક માસમાં શારીરિક યોગ્યતાની તપાસ અંગે સંબંધિત મેડીકલ બોર્ડ સમક્ષ મોકલી શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર મેળવવા અંગેની વ્યવસ્થા ચીફ પર્સોનલ ઓફીસરશ્રી, /કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ (આ.વિ.) , ગાંધીનગર ની કચેરીએ કરવાની રહેશે.

(૧૬) ઉમેદવારના ચારીત્ર્ય અને પૂર્વ ઇતિહાસને ચકાસણી ચીફ પર્સોનલ ઓફીસરશ્રી,/કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ (આ.વિ.) કક્ષાએથી કરવાની રહેશે. તેમજ તે અંગેની અત્રે જાણ કરવાની રહેશે.

(૧૭) ઉમેદવારની શારીરિક યોગ્યતાની તેમજ ચારીત્ર્ય અને પૂર્વ ઇતિહાસની ચકાસણીને અંતે સંતોષકારક માલુમ પડેલ છે તથા ઉમેદવારના તમામ પ્રમાણપત્ર ખરાઇ કરવામાં આવેલ છે તેવું પ્રમાણપત્ર તથા સર્વિસકાર્ડ અને ઉમેદવારનો ફોટોગ્રાફ હાજર રીપોર્ટ (સી.ટી.સી.) સાથે ચીફ પર્સોનલ ઓફીસરશ્રી, /કમિશ્નરશ્રી આરોગ્યની કચેરીને મોકલી આપવાનુ રહેશે. ઉમેદવાર સૌપ્રથમ હાજર થાય ત્યારે તેની જાણ કચેરીના વડાએ લેખિતમાં ચીફ પર્સોનલ ઓફીસરશ્રી,/કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ(આ.વિ.) ગાંધીનગરને કરવાની રહેશે.

(૧૮) આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વખતોવખત ઠરાવવામાં આવે તેવી શરતોનું પાલન ઉમેદવારે કરવાનું રહેશે.

(૧૯) ઉકત નીતિનુ અસરકારક અમલીકરણ થાય તે જોવાની જવાબદારી ચીફ પર્સોનલ ઓફીસરશ્રી, /કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ (આ.વિ.)ની રહેશે તથા તેનુ વખતો વખતનુ રીપોર્ટીંગ સરકારશ્રીને કરવાનુ રહેશે.

(૨૦) આ યોજના હેઠળ નિમણૂક મેળવેલ તબીબી અધિકારી વર્ગ-૨એ તેમની નિમણૂક હેઠળની નોકરીના કામકાજના સમયબાદના સમય માટે તેમજ પ્રા.આ.કે/સા.આ.કે/જીલ્લા ક્ષય કેન્દ્રો/ જીલ્લા રકતપિત કેન્દ્રો/ સરકારી હોસ્પિટલો વગેરે ખાતેના સરકારી કામકાજને કોઈ વિપરિત અસર ન થાય તે રીતે ખાનગી વ્યવસાયની છૂટ રહેશે. સરકારી ફરજના ભોગે ખાનગી પ્રેકટીશ કરવા દેવામાં આવશે નહિ.

(૨૧) જે તબીબી અધિકારી વર્ગ-૨ ખાનગી પ્રેકટીશ સાથે સેવામાં જોડાય તેણે PHC/CHC/SDH/District Hospital તથા અન્ય પ્રભાગ કે જયાં તે સેવા / ફરજ બજાવતા હોય ત્યાનાં સરકારે વખતો વખત નિયત કામના કલાકો દરમીયાન જે તે સ્થળે અચૂક હાજરી આપવાની રહેશે અને ફરજો બજાવવાની રહેશે.

(૨૨) આવા તબીબી અધિકારી વર્ગ-૨ પોતાના ઘરે કે પ્રેકટીશના સ્થળે, સરકારી દવાખાને/ હોસ્પીટલ પર આવેલ દર્દીને કોઇ પણ સંજોગોમાં બોલાવી, નિદાન/સારવાર કરી શકશે નહીં. અને જો તેમ કરતા પકડાશે તો તેમના કરારનો અંત લાવવામાં આવશે. અને તેમને મળતા માસિક વેતનનો બમણો દંડ કરવામાં આવશે.

(૨૩) આ ક્લિનીકમાં આવતા તમામ નાગરીકો-દર્દીઓની આરોગ્ય તપાસણી કરવાની, જરૂરી દવા ક્લિનીકમાંથી આપવાની, પાટા પીંડી વગેરે કરવાની, જરૂર પડે દર્દીને મોટી હોસ્પીટલમાં રીફર કરવાનું માર્ગદર્શન આપવાની વગેરે કામગીરી મેડીકલ ઓફીસરે કરવાની રહેશે.

(૨૪) આવેલ નાગરીક-દર્દીને મેડીકલ ઓફીસર કોઇપણ ખાનગી હોસ્પીટલમાં રીફર કરી શકશે નહીં.

(૨૫) બ્રાન્ડેડ દવાઓનું કોઇ પ્રીસ્ક્રીપ્સન લખી શકશે નહીં.

(૨૬) આવા ક્લિનીકમાં સેવા આપનાર ડોકટર ફરજ છોડવા માંગતા હોય તો એક મહીનાની નોટીસ આપીને છુટા થઇ શકશે.

(૨૭) આરોગ્ય વિભાગ પાસે જો ડોકટરને છુટા કરવાનું કોઇ વ્યવસ્થિત/વાજબી કારણ હશે તો તાત્કાલીક અસરથી છુટા કરી શકાશે.

(૨૮) જીલ્લા કક્ષાએ સંબંધિત જીલ્લાના કલેકટરશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવશે જે નીચે પ્રમાણે રહેશે.

| | | |
|---|---|---|
| (અ) જીલ્લા કલેકટરશ્રી | - | અધ્યક્ષ |
| (બ) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, | - | સભ્યશ્રી |
| (ક) જીલ્લાના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી( CDHO ) | - | સભ્ય સચિવ |
| (ડ) CDMO / મેડીકલ કોલેજના સુપ્રીન્ટેન્ડેન્ટશ્રી, | - | સભ્યશ્રી |

(૨૯) આ ઠરાવથી નિયત થયેલ પદ્ધતિ મુજબ પસંદગી પામેલા કરારીય તબીબી અધિકારી વર્ગ-૨ને કમિશ્નરશ્રી (આ., ત.સે., ત.શિ અને સંશોધન)ની અનુમતિથી નિમણૂક આપવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગ અને નાણાં વિભાગના પરામર્શમાં સરકારશ્રીની તારીખ.૩૧-૦૩-૨૦૨૦ના રોજ મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ પરમાર)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.)ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પ.ક વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ના.વિ.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- કલેકટરશ્રી તમામ................
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-ઈડીપી સેલ, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-પગાર ચકાસણી એકમ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ ગાંધીનગર.
- વિભાગીય નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત/ગાંધીનગર / ભાવનગર.
- અધિક નિયામકશ્રી, જાહેર આરોગ્ય, ગાંધીનગર.
- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી જીલ્લા પંચાયત, તમામ.........
- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી તમામ..........
- અધિક્ષકશ્રી, સા.આ.કે તમામ. .........
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.
- શાખા પસંદગી ફાઈલ-૨૦૨૦

----------